Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

# પ્રાથમિક શાળાના બાળકોમાં પર્યાવરણ અંગેની જાગૃતતાનો સમાજશાસ્ત્રીય અભ્યાસ

**દેસાઈ મનીષાબેન આર**

**સારાંશ:** પર્યાવરણ એ કુદરત તરફથી માનવજાતને મળેલી અમુલ્ય ભેટ છે. માનવ અને પર્યાવરણ એકબીજા પર અસર કરે છે. વિશ્વની માનવજાત અને તમામ જીવોનું અસ્તિત્વ પર્યાવરણને આભારી છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા વર્ષ ૧૯૭૨ માં વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી. ભારતીય સમાજમાં પર્યાવરાણનો અનોખો મહિમા છે. પર્યાવરણ અંગેની જાગૃતિ કેળવવા તથા પર્યાવરણની સુધારણા અને રક્ષણ કરવા માટે તથા વિધાર્થીઓમાં પર્યાવરણ અંગે સભાનતા કેળવાય તે હેતુ થી GCERT દ્વારા રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વિવિધ કાર્યક્રમો ચલાવવામાં આવે છે.પ્રસ્તુત સંશોધન પેપર માટે સમષ્ટિ તરીકે અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શ્રી રોકડિયા હનુમાનપરા પ્રાથમિક શળા હતી. સમષ્ટિમાં૨૯૨ વિધાર્થીઓ હતાં. તેમાથી નિદર્શ તરીકે ધોરણ ૭ અને ૮ ના ૨૦-૨૦ વિધાર્થીઓ આકસ્મિક નમુના પસંદગી દ્વારા લેવામાં આવ્યા હતાં. મહિતી એકત્રિત કરવા માટે પર્યાવરણ જાગૃતિ અંગેની મુલાકાત અનુસૂચિની રચના કરવામાં આવી હતી. એકત્રિત માહિતીનુ SPSS દ્વારા પૃથ્થકરણ કરવામાં આવ્યુ હતું. આ પૃથ્થકરણના પરિણામોમાંજોવામળ્યુ હતુ કે કુમારોની પર્યાવરણ અંગેની જાગૃતતા કન્યાઓ કરતાં વધારે હતી. ધોરણ ૭ કરતાં ધોરણ ૮ ના વિધાર્થીઓમાં પર્યાવરણ અંગેની જાગૃતતા વધારે હતી.

મુખ્ય શબ્દો: પ્રાથમિક શાળા, પર્યાવરણ, જાગૃતતા, સમાજશાસ્ત્રીય

**૧. પ્રસ્તાવના:** આપણી ચારેબાજુ આવેલું આવરણ પર્યાવરણ તરીકે ઓળખાય છે. પર્યાવરણ એ એક વ્યાપક શબ્દ છે જે જૈવિક અને અજૈવિક તત્વોનું બનેલુ છે. સમગ્ર વિશ્વમાં ૫ જુન 'પર્યાવરણ દિન'તરીકે ઉજવવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં પર્યાવરણનો અનોખો મહિમા છે. સ્વચ્છ, સ્વસ્થ અને શુદ્ધ વાતવરણ એ માનવજાતને પ્રકૃતિની અમુલ્ય ભેટ છે. પૃથ્વી પરના ઘણા બધા સજીવોની જેમ માનવજાતે પણ તેના જીવન માટે વાતાવરણ પર આધાર રાખવો પડે છે. માનવજાતને તેની મૂળભુત જરૂરિયાતો જેવી કે હવા, પાણી, ખોરાક,આશ્રયસ્થાન વગેરે પ્રકૃતિ દ્વારા સંતોષાય છે પરંતુ વર્તમાન જીવનશૈલીના કારણે પર્યાવરણ પર ઘણી નકારાત્મક અસરો ઉભી થઈ છે. માણસે પોતાની અમર્યાદિત જરૂરિયાતો સંતોષવા માટે કરેલી વિવિધ પ્રવૃતિઓ, પર્યાવરણનો બેફામ ઉપયોગ અને એના શોષણના કારણે પર્યાવરણીય અસમતુલા સર્જાઈ છે. પર્યાવરણની આંગળી પકડીને આગળ વધેલા માનવીએ જ સૌથી વધુ પર્યાવરણીય સમસ્યાઓ ઉત્પન્ન કરી છે. પોતાનો અંગત સ્વાર્થ પુરો કરવા તેણે જેરી વાયુઓઅને દુષિત પાણીનો નિકાલ કરતા અસંખ્ય કારખાનાઓ, અણુ વિદ્યુત કેન્દ્રો, પાવર સ્ટેશનોની સ્થાપના કરી છે. વધતી વસ્તીની વિભિન્ન આવશ્યકતાઓની પૂર્તતા માટે જંગલોનો આડેધડ વિનાશ કરી ધરતીની હરિયાળી કુદરતી સંપતિનો નાશ કરી નાખ્યો છે. અણુશસ્ત્રોના ઉત્પાદન અને પરીક્ષણો દ્વારા વાતાવરણની શુદ્ધતાને અશુદ્ધતામાં ફેરવી નાખી છે. જેના કારણે વિવિધ વૈશ્વિક પર્યાવરણીય પ્રશ્નોઉભા થાય છે જેવા કે આબોહવા પરિવર્તન, ગ્લોબલ વોર્મિંગ, ગ્રીન હાઉસ ઈફેક્ટ, એસીડ વર્ષા, લુપ્ત થતી સજીવ સૃષ્ટિ, ઓજોન આવરણમાં ગાબડાં વગેરે. તેના પરિણામે પર્યાવરણમાં પણ બદલાવો આવવાં લાગ્યાં છે અને તેની અસર માનવ સ્વાસ્થ્ય પર મોટા પ્રમાણમાં થવા લાગી છે. પ્રકૃતિ પર વિપરિત અસર થવાથી આપણું અસ્તિત્વ જોખમમાં મુકાઇ રહ્યું છે. આપણે પ્રકૃતિને બચાવીશું તો જ આપણું અસ્તિત્વ ટકી રહેશે. પર્યાવરણ વ્યક્તિ, સમાજ અને દેશના વિકાસમાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. પ્રકૃતિએ આપણા સુખ – સગવડ માટેની મૂલ્યવાન સંપતિ આપણને ભેટ સ્વરૂપે આપી છે તેનું યોગ્ય જતન કરવું આપણી ફરજ છે. વર્તમાન સમયમાં મનુષ્ય પર્યાવરણને અનેક ઘણું નુકશાન કરીને સંકટ ઉભુ કરી રહ્યો છે. આ માટે વિકસિત અને વિકાસશીલ રાષ્ટ્રો ખૂબ ચિંતિત છે. જો મનુષ્યને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવું હશે તો પર્યાવરણના સંતુલનને યોગ્ય રાખવું પડશે.

" We won't have a society if we destroy the environment. " - Margaret

એકવીસમી સદી એ વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે. મનુષ્યવિજ્ઞાનઅને ટેકનોલોજીની મદદથી ભૌતિક સગવડો પ્રાપ્ત કરી રહ્યો છે. પોતાનો ભૌતિક વિકાસ સાધવા માટે પર્યાવરણને નુકસાન પહોંચાડવામાં જરા પણ ક્ષોભ અનુભવતો નથી. પોતાના અંગત સ્વાર્થ માટે મનુષ્ય પર્યાવરણને જે રીતે નુકસાન કરી રહ્યો છે તે જોતાં ભવિષ્યમાં પૃથ્વીના અસ્તિત્વ સામે અનેક પ્રશ્નો ઉદભવશે તે નક્કી જ છે. વર્તમાન સમયમાં વાતાવરણમાં જે કંઇપણ ફેરફાર જોવા મળે છે તે પર્યાવરણને થતાં નુકસાનના કારણે છે. વધારે પડતો વરસાદ કે વરસાદની મોસમ સિવાય પણ કમોસમી વરસાદ તથા વધું પડતી ઠંડી કે ગરમીનું કારણ પણ પર્યાવરણના ઘટકો દુષિત થવાના કારણે છે. વર્તમાન સમયમાં ઈ વેસ્ટ તેમજ પ્લાસ્ટિકની કોથળીઓનાં વપરાશને કારણે થતું પ્રદુષણ ચિંતાનો વિષય બન્યો છે.આ માટે સમાજની પ્રત્યેક વ્યક્તિને તેની જાણકારી હોવી આવશ્યક છે. આ માટે સરકાર દ્વારા પણ ઘણાં પ્રયત્નો કરવામાં આવ્યા છે. પર્યાવરણ અંગેની જાગૃતિ કેળવવા તથા પર્યાવરણની સુધારણા અને રક્ષણ કરવાં માટે શિક્ષકો, સમાજ તથા વિદ્યાર્થીઓમાં પર્યાવરણ અંગે સભાનતા કેળવાય તે હેતુથી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) ગાંધીનગર દ્વારા રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ઈકો ક્લબની સ્થાપના કરવામાં આવી છે. આ માટે શાળામાં જ તુલસીવન, ઔષધિય બાગ, કીચન ગાર્ડન, ફળ-ફુલના ક્યારા, કમ્પોસ્ટ ખાડા તૈયાર થાય અને તેનો લાભ બાળકોને મળે તે આ પ્રવૃતિનો મુખ્ય હેતુ છે. NCF-2005 માં પણ પર્યાવરણ શિક્ષણને ઘણું મહત્વ આપવામાં આવ્યું છે. આમ પર્યાવરણની જાગૃતિ માટે પર્યાવરણનું શિક્ષણ એક અગત્યનું માધ્યમ છે.

**૨. સંશોધન સમસ્યા :** પર્યાવરણ એ એક વ્યાપક શબ્દ છે. પરિ + આવરણ = પર્યાવરણ. સામાન્ય અર્થમાં પૃથ્વીસપાટી પરની ભૌગોલિક પરિસ્થિતિ અને સજીવો વચ્ચેના પારસ્પરિક સંબંધને પર્યાવરણ કહેવામાં આવે છે. જંગલો, તળાવો, નદીઓ, વન્ય પશુ – પક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની આપણી નૈતિક ફરજ છે.

---

દેસાઇ મનીષાબેન આર. Ph.D. રિસર્ચ સ્કોલર, સમાજશાસ્ત્ર વિભાગ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

“Environment is no one’s property to destroy; it’s everyone’s responsibility to protect.”- Mohith Agadi

મનુષ્ય પર્યાવરણનું જીવંત અને અતિ મહત્વનું અંગ છે. પરંતુ વર્તમાન સમયમાં પર્યાવરણમાં પરિવર્તન લાવનાર અને તેના દ્વારા જાણ્યે – અજાણ્યે પ્રદુષણને જન્મ આપનાર પણ માનવ જ છે.પોતાનો અંગત સ્વાર્થ સાધવા માટે માનવજાત પ્રકૃતિ સાથે ચેડા કરતાં જરા પણ ખચકાતો નથી. પરિણામે માનવજાત પર ઘણી બધી વિપરિત અસર પડી છે. માનવે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે પર્યાવરણ સાથે તાલમેલ કરવું જરૂરી બની ગયુ છે. વર્તમાન સમયમાં વિશ્વમાં વધું પ્રમાણમાં અસ્વસ્થ થવાનું મુખ્ય કારણ ભૌતિક પર્યાવરણમાં અસ્વચ્છ્તા તથા અસંતુલન જ છે. વિભિન્ન પ્રકારથી પર્યાવરણનું પ્રદુષણ વધી રહ્યું છે. પર્યાવરણ વિશે સમાજ તથા દેશના નાગરિકો પોતે સભાન બની જાગૃત થાય તે ખુબ જ જરૂરી છે. શાળામાં ભણતાં બાળકો એ ભવિષ્યનાં નાગરિકો છે તેથી તેનામાં પર્યાવરણ વિશેની યોગ્ય સમજ વિકસે અને પર્યાવરણનું જીવનમાં મહત્વ જાણી તેનું રક્ષણ અને સંવર્ધન કરે તે હેતુથી શાળાના અભ્યાસક્રમો દ્વારા તેમને પર્યાવરણલક્ષી શિક્ષણ આપવામાં આવે છે. બાળક શાળામાં દાખલ થાય ત્યારથી જ તેમને પર્યાવરણ શિક્ષણ આપવામાં આવે છે. બાળકનાં ક્રમિક વિકાસ બાદ તેનામાંપર્યાવરણ વિશે કેટલાં પ્રમાણમાં જાગૃતતા આવી તે વિશે આ સંશોધન પેપર દ્વારા જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**૩. હેતુઓ**

- બાળકો પર્યાવરણની કાળજી રાખે છે કે કેમ એ જાણવું.
- બાળકો પર્યાવરણ સામેના પડકારોને ઓળખે છે કે કેમ એ તપાસ કરવી.
- બાળકોની પર્યાવરણ પ્રત્યેની જાગૃતતા ચકાસવી.

**૪. ઉત્કલ્પના**

- કુમાર અને કન્યાની પર્યાવરણ જાગૃતતા વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.
- ધો.-૮ અને ધો. – ૭ ના વિદ્યાર્થીઓની પર્યાવરણ જાગૃતતા વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

**૫. સંશોધન પદ્ધતિ :** કોઈપણ સારા અને મૂલ્યલક્ષી સંશોધન માટે સંશોધનનું યોગ્ય ઉપકરણ પસંદ કરવું જરૂરી બની રહે છે. સંશોધનનાં ઉપકરણની પસંદગી અને ઉપયોગ બે રીતે કરવામાં આવે છે. સૌ પ્રથમ સંશોધક દ્વારા સંશોધન માટેનાં ઉપકરણની રચના જાતે કરે અને બીજું પહેલેથી જ પ્રમાણિત કરેલ ઉપકરણનો ઉપયોગ કરે. પ્રસ્તુત સંશોધન પેપરમાં સંશોધન અભ્યાસનાં મુખ્ય હેતુઓ અને અભ્યાસ હેઠળની બાબતોનાં સંદર્ભમાં ઉતરદાતાઓ પાસેથી માહિતી મેળવવા માટે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને તેમાં ઉપકરણ તરીકે મુલાકાત અનુસૂચિની પસંદગી કરવામાં આવી છે.

**૬. નમૂનો :** સમષ્ટિ એટલે જે ક્ષેત્રની ઘટનાઓનો સમગ્ર જથ્થો જે જૂથમાંથી નિદર્શનની પસંદગી કરવામાં આવતી હોય તે સમગ્ર જૂથને સમષ્ટિ કહેવાય. સમષ્ટિમાં જો એકમોની સંખ્યા વધારે હોય તો યોગ્ય સમયમર્યાદામાં સંશોધન થઈ શકે નહિ. જેથી આ પદ્ધતિમાં સમય વધારે જાય અને ખર્ચ પણ વધુ થાય છે તેથી હકીકતલક્ષી માહિતિ મેળવવામાં મુશ્કેલી અનુભવાય છે. આથી પ્રસ્તુત સંશોધન પેપરમાં મર્યાદાઓને ધ્યાનમાં રાખી સમષ્ટિમાંથી કેટલાક પ્રતિનિધિરૂપ એકમો પસંદ કરવામાં આવ્યાં છે. તે નમૂનાઓની તપાસ દ્વારા સમષ્ટિ વિશે અનુમાન કરવામાં આવેલ છે. આ સંશોધનમાં સમષ્ટિ તરીકે અમરેલી નગરપ્રાથમિક શિક્ષણ સમિતિની રોકડીયાહનુમાનપરા પ્રાથમિક શાળાની પસંદગી કરેલી છે. સમષ્ટિના બધા જ એકમોમાંથી આકસ્મિક નમૂના પસંદગી દ્વારા ધો.-૭ ના ૧૦ કુમાર અને ૧૦ કન્યા અને ધો.-૮ ના ૧૦ કુમાર અને ૧૦ કન્યા એમ કુલ ૪૦ બાળકોને નિદર્શ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યાં છે.

**૭. તારણો**

કોષ્ટક: ૧ પર્યાવરણ જાગૃતતાના પ્રાપ્તાંકોનું આવૃતિ વિતરણ


| પ્રાપ્તાંક | આવૃતિ | ટકાવારી |
|---|---|---|
| ૭ | ૬ | ૧૫.૦ % |
| ૮ | ૮ | ૨૦.૦ % |
| ૯ | ૧૩ | ૩૨.૫ % |
| ૧૦ | ૧૩ | ૩૨.૫ % |
| કુલ | ૪૦ | ૧૦૦ % |

કોષ્ટક: ૨ પર્યાવરણ જાગૃતતાના પ્રાપ્તાંકોની અંકશાસ્ત્રીય લાક્ષણિકતાઓ

| ક્રમ | આંકડાકીય મૂલ્ય | કિંમત |
|---|---|---|
| ૧ | પાત્રોની સંખ્યા | ૪૦ |
| ૨ | સરાસરી | ૮.૮૨ |
| ૩ | પ્રમાણવિચલન | ૧.૦૫ |
| ૪ | લઘુત્તમ પ્રાપ્તાંક | ૭ |
| ૫ | ગુરુત્તમ પ્રાપ્તાંક | ૧૦ |

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

કોષ્ટક- ૨ પરથી જોઇ શકાય છે કે આવૃતિ વિતરણની સરાસરીનું મૂલ્ય ૮.૮૨ અને પ્રમાણ વિચલનનું મૂલ્ય ૧.૦૫ મળ્યું હતું. કુલ ૪૦ પ્રાપ્તાંકોમાંથી લઘુત્તમ પ્રાપ્તાંક ૭ અને ગુરુત્તમ પ્રાપ્તાંક ૧૦ જોવા મળ્યો હતો. અહીં આવૃતિ વિતરણના આધારે સ્તંભાલેખ તૈયાર કરવામાં આવ્યો આવ્યો છે જે નીચે દર્શાવ્યા પ્રમાણે છે.




આલેખ: ૧ પર્યાવરણ જાગૃતતાના પ્રાપ્તાંકોના આવૃતિ વિતરણનો સ્તંભાલેખ

કુમાર અને કન્યાઓની પર્યાવરણની જાગૃતતાનો અભ્યાસ કરવા ઉત્કલ્પના- ૧ રચવામાં આવી હતી. ઉત્કલ્પના -૧ની ચકાસણી માટે નમૂનાના પાત્રોના કુમારો અને કન્યાઓ પાસેથી માહિતી પ્રાપ્ત કરી તેમની પર્યાવરણ જાગૃતતાના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ચકાસવા માટે ટી – કસોટી હાથ ધરવામાં આવી હતી. જેના પરિણામો કોષ્ટક – ૩ માં રજૂ કરવામાં આવ્યા છે.

કોષ્ટક: ૩: પર્યાવરણ જાગૃતતાની કુમારો અને કન્યાઓના સરેરાશાંકો, પ્રમાણ વિચલન અને ટી- મૂલ્ય

| જાતિ | કુલ સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી- મૂલ્ય |
|---|---|---|---|---|
| કુમાર | ૨૦ | ૮.૮૫ | ૦.૯૮ | ૦.૧૪ |
| કન્યા | ૨૦ | ૮.૮૦ | ૧.૧૫ | |

કોષ્ટક : ઉપરથી જણાય છે કે કુમારોની પર્યાવરણ જાગૃતતાના પ્રાપ્તાંકોની સરાસરી ૮.૮૫ અને પ્રમાણ વિચલન ૦.૯૮ છે. જ્યારે કન્યાઓની પર્યાવરણ જાગૃતતાના પ્રાપ્તાંકોની સરાસરી ૮.૮૦ અને પ્રમાણ વિચલન ૧.૧૫ છે. બન્ને જૂથની સરાસરી વચ્ચેનું ટી – મૂલ્ય ૦.૧૪ છે. જે ૧.૯૬ કરતાં ઓછું છે. તેથી મેળવેલ ટી – મૂલ્ય ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી.

અભ્યાસની શુન્ય ઉત્કલ્પના આ પ્રમાણે હતી.

" કુમાર અને કન્યાની પર્યાવરણ જાગૃતતા વચ્ચે સાર્થક તફાવત નહિ હોય." જેનો સ્વીકાર થતો હતો.

ધો. ૮ અને ધો. ૭ ના વિદ્યાર્થીઓની પર્યાવરણ જાગૃતતાની અસરનો અભ્યાસ કરવા ઉત્કલ્પના – ૨ રચવામાં આવી હતી. ઉત્કલ્પના – ૨ની ચકાસણી માટે નમૂનાનાં પાત્રો પાસેથી માહિતિ એકત્ર કરી તેમની પર્યાવરણ જાગૃતતાના સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ચકાસવા માટે ટી – કસોટી હાથ ધરવામાં આવી હતી. જેના પરિણામો કોષ્ટક ૪ માંરજૂ કરવામાં આવ્યાં છે.

કોષ્ટક: ૪: પર્યાવરણ જાગૃતતાના ધોરણ અનુસાર સરેરાશાંકો, પ્રમાણ વિચલન અને ટી-મૂલ્ય

| ધોરણ | કુલ સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | ટી- મૂલ્ય |
|---|---|---|---|---|
| ૮ | ૨૦ | ૮.૯૦ | ૦.૯૬ | ૦.૪૪ |
| ૭ | ૨૦ | ૮.૭૫ | ૧.૧૬ | |

કોષ્ટક ૪ પરથી જણાય છે કે ધો.૮ના વિદ્યાર્થીઓની પર્યાવરણ જાગૃતતાના પ્રાપ્તાંકોની સરાસરી ૮.૯૦ અને પ્રમાણ વિચલન ૦.૯૬ છે. જ્યારે ધો. ૭ ના ૨૦ વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકોની સરાસરી ૮.૭૫ છે અને પ્રમાણ વિચલન ૧.૧૬ છે. બન્ને જૂથની સરાસરી વચ્ચેનું ટી –મૂલ્ય ૦.૪૪ છે ,જે ૧.૯૬ કરતાં ઓછું છે.તેથી મેળવેલ ટી-મૂલ્ય ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી.

અભ્યાસની શૂન્ય ઉત્કલ્પના આ પ્રમાણે હતી.

"ધો.૮ અને ધો.૭ ના વિદ્યાર્થીઓની પર્યાવરણ જાગૃતતા વચ્ચે સાર્થક તફવત નહિ હોય." જેનો સ્વીકાર થતો હતો.

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

કોષ્ટક પરથી સ્પષ્ટ જણાય છે કે બાળકોને પર્યાવરણલક્ષી શિક્ષણ આપવાથી તેનામાં પર્યાવરણ વિશેની સભાનતા કેળવાય છે. પરંતુ ધો.-૭ ના બાળકો કરતાં ધો.-૮ ના બાળકોનો વિકાસ વધારે હોવાથી તેમાં પર્યાવરણ અંગેની જાગૃતતા વધારે પ્રમાણમાં દેખાઈ આવે છે. આ બાળકો ભવિષ્યના નાગરિકો હોવાથી તેનામાં પર્યાવરણ વિશેની વધારે સમજ સમાજ માટે ઉપયોગી થાય છે. બાળકોને પર્યાવરણનું શિક્ષણ હોવાથી તેમના માતા- પિતા, આસપાસના લોકો, શેરી, મહોલ્લા વગેરેમાં પર્યાવરણ અંગે લોકોને સમજાવી શકે છે. તેથીસમાજમાં લોકો પોતાની આસપાસ ગંદકીનું પ્રમાણ નહિવત કરી સ્વચ્છતા રાખે છે. પ્રદુષણમાં મહત્વનો ફાળો આપતા પેટ્રોલ,ડીજલ,કેરોસીન વગેરેના વપરાશમાં આંશિક ઘટાડો કરી લોકો CNG ના વપરાશ તરફ વધવા લાગ્યાં છે. સંશોધનનાં અભ્યાસમાં જાણવા મળ્યું કે કુમારોની સરખામણીએ કન્યાઓમાં પર્યાવરણ અંગેની જાગૃતતાનું થોડુ ઓછું પ્રમાણ જોવા મળે છે.

## ૮. ઉપસંહાર

પર્યાવરણ એ કુદરત તરફથી માનવજાતને મળેલી અમુલ્ય ભેટ છે. માનવ અને પર્યાવરણ એકબીજા પર અસર કરે છે. વિશ્વની માનવજાત અને તમામ જીવોનું અસ્તિત્વ પર્યાવરણને આભારી છે. પર્યાવરણ અંગેની જાગૃતિ કેળવવા તથા પર્યાવરણની સુધારણા અને રક્ષણ કરવા માટે તથા વિધાર્થીઓમાં પર્યાવરણ અંગે સભાનતા કેળવાય તે હેતુ થી GCERT દ્વારા રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વિવિધ કાર્યક્રમો ચલાવવામાં આવે છે. પ્રસ્તુત સંશોધન પેપર માટે સમષ્ટિ તરીકે અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શ્રી રોકડિયા હનુમાનપરા પ્રાથમિક શળા હતી. સમષ્ટિમાં૨૯૨ વિધાર્થીઓ હતાં. તેમાથી નિદર્શ તરીકે ધોરણ ૭ અને ૮ ના ૨૦-૨૦ વિધાર્થીઓ આકસ્મિક નમુના પસંદગી દ્વારા લેવામાં આવ્યા હતાં. મહિતી એકત્રિત કરવા માટે પર્યાવરણ જાગૃતિ અંગેની મુલાકાત અનુસૂચિની રચના કરવામાં આવી હતી. એકત્રિત માહિતીનુ SPSS દ્વારા પૃથ્થકરણ કરવામાં આવ્યુ હતું. આ પૃથ્થકરણના પરિણામોમાંજોવા મળ્યુ હતુ કે કુમારોની પર્યાવરણ અંગેની જાગૃતતા કન્યાઓ કરતાં વધારે હતી. ધોરણ ૭ કરતાં ધોરણ ૮ ના વિધાર્થીઓમાં પર્યાવરણ અંગેની જાગૃતતા વધારે હતી.

## સંદર્ભસૂચિ

Anbalagan G and Shanthi Viswanathan. (2015). A Study On Environmental Awareness And Related PracticesAmong The High School Students At Madurai District, Tamil Nadu. **Indian Streams Research Journal. 5(9), 1-9.**

ભાવસાર, બિમલ એસ.અને અન્યો. (૨૦૨૦). સામાજિક વિજ્ઞાન ધોરણ ૭. ગાંધીનગર: ગુજરાત રાજ્ય શાળા પાઠ્યાપુસ્તક મંડળ.

---. (૨૦૨૦). સામાજિક વિજ્ઞાન ધોરણ ૬. ગાંધીનગર: ગુજરાત રાજ્ય શાળા પાઠ્યાપુસ્તક મંડળ.

D. Hassan and G. Paul Ratnakar. (2012). A Study Of Relationship Between Environmental Awareness And Scientific Attitudes Among Higher Secondary Students. **Indian Journal Of Applied Research.** 1(12), 57-61.

Margaret. Ecomena.org. Web. 13 Jan. <http://www.ecomena.org/inspirational-quotes-environment>.

M.M. Mohmad and et.el. (2020). Reflection On Environmental Awareness For School Management. **Journal of Critical Reviews**. 7(6), 265-268.

Mohith Agadi. Ecomena.org. Web. 13 Jan. <http://www.ecomena.org/inspirational-quotes-environment>.

પ્રજાપતિ, હરજીભાઈ અને અન્યો. (૨૦૧૯). સામાજિક વિજ્ઞાન ધોરણ ૮: દ્વિતીય સત્ર. ગાંધીનગર: ગુજરાત રાજ્ય શાળા પાઠ્યાપુસ્તક મંડળ.

R.Danielraja. (2019).A Study of Environmental Awareness of Students at Higher Secondary Level. **Sanlex International Journal of Education**. 7(3), 6-10.

pRF8P 0LP V[P sZ_!ZfP IX1F6 VG[ ;FDFIHS IJ7FGF[DF\ ;\XF[WGG]\ 5âITXF:+P ZFHSF[8o 5FZ; 5|SFXG.

Pal, Yesh. (૨૦૦૫). National Curriculum Framework 2005. New Delhi: NCERT.